# ચીફ ઓફિસરની બદલીની માંગ સાથે કલેકટરના ઘરે કોંગ્રેસના ધરણાં

મહેસાણા નગરપાલિકા જ્યારથી કોંગ્રેસના કબ્જામાં આવી છે ત્યારથી વિવાદોના વમળમાં આવી છે પહેલા કોંગ્રેસનો કકળાટ ચરમ સીમાએ હતો ત્યારે હવે મહેસાણા નગરપાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસર આમને સમાને આવ્યા છે. મહેસાણાના પટેલ સાથે ટેલીફોનીક વાતચીત કરી હતી કે અમે અમદાવાદ ગાંધી આશ્રમ ખાતે તમારા વિરોધમાં દેખાવો કરવાના છીએ અને આપ કેમ લોક્બુકની ઉઘરાણી વારે વારે કરો છે ત્યારે ચીફ ઓફિસરે પાલિકા પ્રમુખને તું તારી કરી હતી જેના મામલે આમને સામને આક્ષેપ કોંગ્રેસના પાંચ આગેવાનો સ્પિકર ફોન પર વાતચીત સાંભળી રહ્યા હતા. આ સમગ્ર મામલે મામલો બને પક્ષે ઉગ્ર બનવા ગયો હતો. જ્યારે મહેસાણા નગરપાલિકાના મુખ્ય અધિકારી નવનીત પટેલના લોક વિકાસ વિરોધી અને અધિકારી વાદના વિરુદ્ધમાં અમદાવાદ ગાંધી



ચીફ ઓફિસર નવનીત પટેલ દ્વારા નગરપાલિકાના મેયર રઈબેન પટેલને બીભસ્ત ગાળો બોલીને અપમાન કરતાં આ મામલે ચીફ ઓફિસરની બદલીની માંગ સાથે કલેકટરના ઘરે ધરણાં ઉપર તમામ કોંગ્રેસના કોર્પોરેટર બેસી ગયા છે જ્યારે ચીફ ઓફિસર રજા પર જતા રહયા છે.

કોંગ્રેસ આંતરિક વિખવાદ બાદ હવે મહેસાણા નગરપાલિકાના ચીફ ઓફિસર અને પાલિકાના પ્રમુખ આમને સામને આવી ગયો છે. આ સમગ્ર મામલામાં પાલિકા પ્રમુખની કારની લોક બુક મામલે ઘનશ્યામ સોલંકીએ તા. ૨ એપ્રિલના સવારે ફોન પર ચીફ ઓફિસર નવનીત કારવામાં આવ્યા હતા જેમાં કોંગ્રેસનું કહેવું હતું કે મહેસાણા નગરપાલિકામાં રૂ. ૫૮ કરોડની રકમ છે અને પ્રજાની સુખાકારી માટે ૫૭ કામ બોર્ડમાં પ્રમુખ દ્વારા મંજુર કરેલા છે તે તુરંત અમલ પાલિકા ચીફ ઓફિસર કરતા નથી.

પાલિકા ચીફ ઓફિસરનું કહેવું છે કે સરકાર આ તમામ યોજના માટે ગ્રાન્ટ આપી રહી છે તો હું ખર્ચ કઈ રીતે સ્વભંડોળમાં કરું. જે સમગ્ર મામલે હાલમાં વિવાદ વધુ ઉગ્ર બન્યો છે. તેમ રાઈબેન પટેલ પાલિકા પ્રમુખ મહેસાણા કોંગ્રેસે જણાવ્યું હતું. જ્યારે પાલિકાના ચીફ ઓફિસરને આ બાબતે ટેલીફોનીક વાત ચાલુ હતી તે દરમિયાન પ્રમુખ સહિત આશ્રમ ખાતે મહેસાણા નગરપાલિકાના કૉંગ્રેસના કોર્પોરેટરો ૨ એપ્રિલ ૨૦૧૮થી ધરણા પર સવારથી સાંજ સુધી બેઠા હતા હવે અસભ્ય વર્તન અંગે આજે કલેક્ટર કચેરી ખાતે બેસી ગયા છે અને નવનીત પટેલની બદલીની માંગ કરી રહ્યા છે. જ્યારે નવનીત પટેલ સામે આક્ષેપ કર્યો હતો કે તે નીતિનભાઈ પટેલનો સંપૂર્ણ વહીવટ નવનીત પટેલ કરી રહ્યા છે. આમને સામને થઈ રહેલા આક્ષેપના પગલે સાચું કોણ તે પ્રશ્ન હાલમાં ચર્ચાના એરણે છે. ભૌતિક ભટ્ટ શહેર કોંગ્રેસ પ્રમુખે જણાવ્યું હતું. મહેસાણા નગરપાલિકામાં કૉંગ્રેસ પાર્ટી શાસક પક્ષ તરીકે છેલ્લા ૨ વર્ષથી શાસનમાં છે.

# મોડાસાના સર્વોદયનગરના કોમ્યુનિટી હોલમાં ડૉ. બાબા સાહેબની પ્રતિમા પરથી ચશ્માં ગાયબ હોવાથી ઉગ્ર રોષ

મોડાસા, તા. ૩

સુપ્રીમકોર્ટના એટ્રોસિટી



એક્ટના નિયમ બદલાવ લાવતા ૨ એપ્રિલે આપવામાં આવેલા ભારત બંધન એલાનમાં સમગ્ર ગુજરાતના દલિત અને આદિવાસી સંગઠન દ્વારા બંધમાં જોડવાની હાકલ કરતા અરવલ્લીના મોડાસામાં બજારો બંધ કરાવવા નીકળતા પહેલા દલિત આગેવાનો મોડાસાના સર્વોદયનગરના કોમ્યુનિટી હોલ ખાતે આવેલ બાબાસાહેબની પ્રતિમાને પુષ્પમાળા પહેરાવવા ગયા ત્યારે બાબા સાહેબની પ્રતિમામાં બાબા સાહેબને પહેરાવેલ ચશ્મા ગાયબ હતા. કોઈ સમાજિક તત્વોએ બાબા સાહેબ ની પ્રતિમાને પહેરાવેલ ચશ્મા તોડી નાખેલા નજરે પડતા ભારે રોષ વ્યાપ્યો હતો અને બંધારણના ઘડવૈયા બાબાસાહેબની પ્રતિમા સાથે ચેડાં કરનાર અસામાજિકતત્વોને ઝડપી પાડી કાર્યવાહી કરવા પોલીસ પાસે માગ કરી છે અને નગરપાલિકાને પણ બાબાસાહેબની ગરિમા જળવાય એવા પ્રયત્નો હાથ ધરવા જણાવ્યું હતુ.

વધુમાં દલિત સમાજ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સાથે અસામાજિક તત્વો દ્વારા બીજી વાર પ્રતિમા પરથી ચશ્માં હટવાવની ઘટના બનતા દલિત સમાજની લાગણીઓને ઠેસ પહોંચાડનાર લુખ્ખા તત્વો સામે સખ્ત પગલાં ભરવા અને ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાની જાળવણી કરવામાં નગરપાલિકા તંત્ર ઉણુ ઉતારતું હોય તો પ્રતિમાને મોડાસા ચાર રસ્તા, સહયોગ ચોકડી, જિલ્લા સેવા સદન સર્કલ, મેઘરજ રોડ બાયપાસ ચોકડીએ પ્રસ્થાપિત કરવી જોઈએની માંગ કરી હતી.

# પ્રાંતિજ એસટી ડેપો પાસે કબ્રસ્તાનમાં વડનું ડાળુ પડતાં દરગાહને નુકશાન

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચરોડ એસટી બસ ડેપો પાસે આવેલ કબ્રસ્તાનમાં



આવેલ વર્ષો જુના વડનું ડાળુ અચાનક નીચે પડતાં નીચે આવેલ દરગાહ ઉપર પડતાં દરગાહને નુકશાન થયુ છે.

પ્રાંતિજ એસટી બસ ડેપો પાસે આવેલ મુસ્લિમ સમાજનાં કબ્રસ્તાનમાં વર્ષો જુનો આવેલ વડનું ડાળુ અચાનક પવનના લહેરથી ધડાકા સાથે પડતાં વડ નીચે આવેલ દરગાહ તથા પાણીની પરબ ઉપર પડતાં દરગાહને તથા પાણીની પરબને નુકશાન થયું હતું. સદ નસીબે દરગાહ નીચે કે પાસે કોઈ ના હોવાથી મોટી જાનહાની ટળી હતી તો બીજી બાજુ ડાળુ પાસે આવેલ રોડ ઉપર લાબુ થતાં સદનસીબે તે સમયે રોડ ઉપર થી કે આજુબાજુ માંથી કોઈ પસાર ના થતાં પણ મોટી જાનહાની બચી હતી. રસ્તા ઉપર ડાળુ લાંબુ થતાં રસ્તો બંધ થયો હતો તો હજુ આ વર્ષો જુના વડના કેટલાય ડાળા પડે તેમ છે તો તંત્ર તથા સ્થાનિક તંત્ર દ્વારા જોડે રહીને વડના ડાળા ઉતારી દેવામાં નહીં આવે તો મોટી જાનહાની સર્જાય તો નવાઈ નહીં.

## પ્રાંતિજના વદરાડ ખાતે આધેડનુ અગમ્ય કારણોસર મોત

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના વદરાડ ખાતે રહેતાં ભરતભાઈ સાંકાભાઈ પટેલ ઉ.વર્ષ-૫૪ કે જેવોનુ કોઈ અગમ્ય કારણોસર મોત થતા તેવોને પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લાવવામાં આવ્યાં હતાં. હાજર તબીબી જે.કે. પ્રણામી દ્વારા મૃત જાહેર કરતા આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને કરતાં પોલીસે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## પ્રાંતિજ પોલીસે મોયદના ઈસમને ચાર બિયરના ટીન સાથે પકડ્યો

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સોનાસણ ચોકડી પાસેથી વગર પાસ પરમીટે પોતાના અંગ કબ્જાના થેલામાં કિંગ ફીશર સ્ટ્રોંગ પ્રીમીયમ બિયર નંગ- ૪ કિ. ૪૦૦ રૂ મળી આવતાં પોલીસે અમરસિંહ દિપસિંહ રાઠોડ રહે. રૂપાજીવાસ મોયદ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સાબરડેરીના ટર્નઓવરમાં ૧૮ ટકાનો વધારો

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકોના જીવન નિર્વાહ માટે આધારસ્તંભ સમાન સાબરડેરી દ્વારા દૂધ સંપાદનમાં અને દૂધ ઉત્પાદકોના હિત માટે અનેક યોજનાઓ બનાવીને ખુબ જ ઉપયોગી થવાઈ રહ્યુ છે. ત્યારે ગત નાણાંકીય વર્ષ દરમ્યાન સાબર ડેરીએ રૂ. ૫૦૦૦ કરોડનો લક્ષ્યાંક સિદ્ધ કરીને ગત વર્ષની સરખામણીમાં ૧૮ ટકાનો વધારો નોંધાયો હોવાનું સાબરડેરીના એમડી ડૉ. બી.એમ. પટેલે દાવો કરતા જણાવ્યુ હતુ. સાબર ડેરીએ વર્ષ દરમ્યાન દૂધ ઉત્પાદકોએ પોષણક્ષમ ભાવ આપીને વિકાસની યાજ્ઞત્રામાં દૂધ ઉત્પાદકોને પણ સહભાગી બનાવ્યા છે.

## પરબડામાં ગામમાં ૨.૮૮ લાખની ચોરી થતાં ફરીયાદ

હિંમતનગર પાસેના પરબડા ગામમાં આવેલ બંધ મકાનમાંથી ગત શનિવારે રાત્રએ અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરીને ઘરમાંથી સોનાના દાગીના, ચાંદીના સિક્કા તથા રોકડ મળી રૂ. ૨.૮૮ લાખની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગેની ફરીયાદ રવિવારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.



હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં એક ગરીબ વૃદ્ધ વિધવાના એકના એક દિકરાને ટી.બી.ની બીમારી દરમ્યાન મૃત્યુ થતા સ્થાનિક પોલીસ દ્વારા શિવમ્ મિત્ર મંડળના સભ્યોને રાત્રે ૧૦ કલાકે જાણ કરવામાં આવતા શિવમ્ મિત્રમંડળના સેવાભાવી સભ્યો તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં પહોંચી વૃદ્ધ વિધવાને કોઈ પરિવારનો સહારો ન હોવાથી તેમને મદદરૂપ થઈ તેમના મૃત દિકરાને સંપૂર્ણ વિધિ સાથે અંતિમ સંસ્કાર કરાયા હતા.

# ભિલોડામાં સુકો ઘાસચારો અને હુસેલનો ભાવ આસમાને

ભિલોડા,તા.૩

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં સુકો ઘાસચારો અને હુસેલ (ઘઉંનું ભુસું)નો ભાવ આસમાને પહોંચતાં પશુપાલકો ચિંતીત છે.ભિલોડા તાલુકામાં દિન-પ્રતિ-દિન ગાયો,ભેસોના તબેલાઓનું પ્રમાણ વધતાં ગાયો,ભેસોની સંખ્યામાં ધરખમ વધારો થઈ રહ્યો છે.

ભિલોડા તાલુકામાં પંજાબની એચ.એફ.ગાયોનું પ્રમાણ દિન-પ્રતિ-દિન વધતું જાય છે.પશુપાલકો ઉનાળાની સિઝન દરમ્યાન સુકા ઘાસચારાનો સંગ્રહ કરતા હોય છે પરંતુ આ વર્ષે હુસેલ,બાજરીના પુળા,જારના પુળા,મકાઈના પુળાનો ભાવમાં ધરખમ વધારો થઈ ગયો હોવાના કારણે પશુપાલકોને આર્થિક મુશ્કેલી સહન કરવાનો વારો આવ્યો છે.



ભિલોડા તાલુકામાં આદિવાસી,ઠાકોર,પટેલ,વણઝારા સહિત વિવિધ સમાજના લોકોનું જીવન નિર્વાહ ખેતી અને પશુપાલન ઉપર આધારીત હોય છે.એક તરફ અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં સિચાઈની સુવિધાનો અભાવ હોવાના કારણે ખેડુતો પશુપાલનના ધંધા સાથે દિન-પ્રતિ-દિન વધુ સંકળાતા જાય છે.ભિલોડા તાલુકામાં દિન-પ્રતિ-દિન ગાયો,ભેસોનું પ્રમાણ વધતાં દુધનું પ્રમાણ વધ્યું છે ત્યારે આ વર્ષે સુકા ઘાસચારાનો ભાવ આસમાને પહોંચતાં પશુપાલકોની આર્થિક ભીડ વધી છે.સુકા ઘાસચારાનો ભાવ ચોમાસા અને શિયાળા દરમ્યાન વધુ વધશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

અમુક મોટા-મોટા ખેડુતો પશુપાલનના ધંધા સાથે સંકળાયેલા નથી તેવા ખેડુતો સુકા ઘાસચારાનો મન ફાવે તેમ ભાવ પશુપાલકો પાસેથી લેતા હોય છે.સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં વર્ષો પહેલાં ઘઉંનું હુસેલ(ભુસું)અમુક ખેડુતો ખેતરમાં સળગાવી દેતા હતા અથવા તો મફત આપી દેતા હતા પરંતુ સુકા ઘાસચારાની ધરખમ માંગ વધતાં અમુક ખેડુતો મન ફાવે તેમ ભાવ વસુલ કરતા હોય છે.

# ધી મોડાસા નાગરિક સહકારી બેંકની શ્રેષ્ઠ કામગીરી બેન્કનો નફો વધવાની સાથે ઓવર ડ્યુમાં ઘટાડો

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આવેલી ધી મોડાસા નાગરિક સહકારી બેન્ક ઉત્તર ગુજરાતમાં સહકરી બેંકોમાં વહીવટી કામગીરીમાં મોખરાનું સ્થાન ધરાવે છે. દેશમાં વિવિધ બેંકો લોન કૌભાંડના પગલે નાદારીની સ્થિતિ નજીક પહોંચી છે અને બેન્કિંગ ક્ષેત્રે મંદીના માહોલમાં મોડાસા શહેરની ધી નાગરિક સહકારી બેંક ના ચેરમેન કમલેશ પટેલ, પૂર્વ ચેરમેન વિનોદ શાહ, બોર્ડ ડિરેકટરો તથા બેન્કની શ્રેષ્ઠ કામગીરીના પગલે ગત વર્ષ કરતા ચાલુ સાલે બેંકના નફામાં જંગી વધારો થવાની સાથે ઓવરડ્યુમાં અને એનપીએમાં નોંધપાત્ર ઘટાડો થતા બેંક ગ્રાહકો અને નગરજનોએ નાગરિક બેંકના સત્તાધીશોને



અભિનંદન પાઠવ્યા હતા.

ધી મોડાસા નાગરિક સહકારી બેંકના ચેરમેન કમલેશભાઈ પટેલના જણાવ્યા અનુસાર ચાલુ સાલે બેન્કનો નફો માર્ચ-૨૧૦૭માં ૧.૨૫ કરોડથી વધીને માર્ચ-૨૦૧૮માં ૨.૧૯ કરોડનો વધારો થવાની સાથે ઓવરડ્યું માર્ચ-૨૦૧૭માં ૪.૨૧ ટકા હતો જે માર્ચ-૨૦૧૮માં ઘટીને ૩.૭૦ ટકા થયો હતો અને એનપીએમાં પણ માર્ચ-૨૦૧૭ માં ૪.૩૯ ટકા હતું જે માર્ચ-૨૦૧૮ માં ઘટીને ૩.૭૦ ટકા નોંધપાત્ર ઘટાડો થયો હોવાનું જણાવી બોર્ડ ઓફ ડિરેકટરો બેંક મેનેજર મંગેશ શેઠ અને બેંક કર્મચારીઓને બેંકની પ્રગતિનો શ્રેય આપવાની સાથે સાભસદોનો આભાર વ્યક્ત કરી બેંકના ગ્રાહકોને સતત મદદરૂપ થવાની તત્પરતા દાખવવાની સાથે બેંક વધુ પ્રગતિના સોપાન સર કરે અને સભાસદો અને ગ્રાહકોનો વિશ્વાસ વધુ મજબૂત બને તે માટે સતત પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું હતું.

# કાંકરેજમાં મર્ડરની બે ઘટના

કાંકરેજ, તા. ૩

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના કાકર ગામે એક ૧૬ વર્ષીય સગીરાને શિવમંદિર પાસેથી મૃતદેહ મળ્યો જે બાબતે મૃતકના પિતા લાલાભાઈ ડાયાભાઈ રાવળે શિહોરી પો.સ્ટે.માં એફઆરઆઈ દાખલ કરવામાં આવેલ જે બાબતે બનાસકાંઠા જિલ્લા પોલીસવડા નિરજ બજગુજર સહિતના અધિકારી પીએસઆઈ જી.કે. જાડેજા શિહોરીએ ઘટના સ્થળે જઈ તપાસ કરી મૃતદેહને શિહોરી ખાતે પીએમ માટે લાવેલ અને વાલી વારસોને સોંપેલ. ત્યારબાદ બીજી રમાજીએ જસીબેન સાથે બોલાચાલી કરતા અને ઉગ્ર થઈ પોતાના પાસે રહેલા ચપ્પાના ઉપરાછાપરી ઘા મારી હત્યા કરતા ફરિયાદિ ઠાકોર નાનુબેન સોવનજી શંકરજીએ શિહોરી પો.સ્ટે.માં ફરિયાદ દાખલ કરેલ. જેમાં ૩૦૨ની કલમ હેઠળ શિહોરી



કરેલ. આરોપી શ્રવણસિંહ ઈશુભા દરબાર રે. કાકર, તા. કાંકરેજ, જિ. બનાસકાંઠા વિરૂદ્ધ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ફરિયાદીની દિકરી સંગીતા ઉં.વ. ૧૬ને રાત્રે આરોપીએ ભગાડી જઈને શિવમંદિર પાછળ નેળીયામાં ટુંપો આપીને હત્યા ઘટનામાં કાંકરેજના ઝાલમોર ગામના કાકરાળ ગામે ઠાકોર જસીબેન સોવનજી રે. કાકરાળા તા. કાંકરેજના લગ્ન કાંકરેજના મોડેકોલ ગામે ૧૦ વર્ષ રપહેલા થયેલા જેને બે બાળકો છે. અને કાકરાળા પોતાના ઘરે પિયરમાં મળવા આવેલ જેનો પતી ઠાકોર ભગાજી પોલીસે ગુનો નોંધી આરોપી ભગાજી રમાજી વિરૂદ્ધ ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે. આમ કાંકરેજના કાકર અને કાકરાળામાં બન્ને જગ્યાએ મર્ડર થતા શિહોરી પો.સ્ટે.માં ગુના નોંધાયા હતા અને કેસની તપાસ પીએસઆઈ જી.કે. જાડેજા ચલાવી રહ્યા છે.

# પાલનપુર ખાતે આજથી પાણીના કુંડાઓનું વિનામૂલ્યે વિતરણ

પાલનપુર, તા. ૩

ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓની તરસ છીપાવવા માટે મોબાઈલ પશુ સમાધિ સેવા ગૃપ દ્વારા પાલનપુર ખાતે તા. ૪,૫ અને ૬ એપ્રિલના રોજ પાણીના કુંડાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે. તા. ૪ થી ૬ એપ્રિલ દરમ્યાન સાંજે ૩ થી ૬ વાગ્યા સુધી મોબાઈલ પશુ સમાધિ સેવા ગૃપની ઓફિસ નં. ૧૭, વ્હાઈટહાઉસ, બનાસહોટલની સામે, પાલનપુર ખાતે કુંડાનું વિતરણ કરાશે. ઓફિસનો ફોન નં. ૦૨૭૪૨-૨૫૫૭૭૫ છે. અને મોબાઈલ નં. ૯૮૭૯૫ ૮૪૦૧૭ છે. પાણીના કુંડાઓનો સાચો અને સારો સદઉપયોગ થાય તે માટે બનાસકાંઠા જિલ્લાના જીવદયાપ્રેમીઓને ઉપરના સરનામેથી કુંડા લઈ જઈ જીવદયાના સત્કાર્યમાં સહભાગી થવા સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ધીરજભાઈ પરીખએ અપીલ કરી છે.

# કહોડા ખાતે ફુલપરમેશ્વરી માતાનો પાટોત્સવ યોજાયો

ઊંઝા, તા. ૩

ઊંઝા તાલુકાના કહોડા ખાતે જોષી પરિવારના ઉપક્રમે માતાજી ફુલપરમેશ્વરી માતાજીનું પાટોત્સવ અને ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.)ના ચેરમેન ગૌતમ ગેડીયાનો સત્કાર સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમગ્ર જોષી પરિવાર દ્વારા હવન તેમજ પ્રસાદ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. અધ્યક્ષસ્થાનેથી બોલતા ગૌતમભાઈ ગેડીયાએ કહોડા ગામની વિશિષ્ટતાઓની વાત કરીને ગુરૂ બ્રાહ્મણ સમાજના વિકાસમાં ગામના નવયુવકોને કાર્યરત રહેવા હાંકલ કરી હતી. કેળવણી મંડળના પ્રમુખ શૈલેષભાઈ પટેલ, જોષી પરિવારના અગ્રણી ભાનુભાઈ વી. જોષી, દાદા ભાનુભાઈ દવેએ પ્રાસંગિક વાત કરી હતી. આ પ્રસંગે એક લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગંભીરસિંહ દેસાઈએ જુદી જુદી રસપ્રદ વાતો, ભજનો, લોકગીતો રજુ કરીને શ્રોતાઓને આનંદિત કર્યા હતા. ગ્રામજનો મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુર ખાતે ટ્રેઝરી ઓફિસના વિનુભાઈ જોષી સેવાનિવૃત્ત થતાં વિદાય સમારંભ યોજાયો

પાલનપુર, તા. ૨

બનાસકાંઠા જિલ્લા ટ્રેઝરી ઓફિસ પાલનપુર ખાતે નાયબ હિસાબનીશ તરીકે સેવા આપતાં વિનુભાઈ હીરાભાઈ જોષી ૩૧ જોષીની અત્યાર સુધીની કામગીરીની સરાહના કરી ઉજજવળ અને સુખ-સમૃધ્ધિ ભર્યા જીવનની શુભેચ્છા પાઠવી હતી.



માર્ચના રોજ વયનિવૃત્ત થતાં જિલ્લા તિજોરી અધિકારી જે.આઈ. દેસાઈના અધ્યક્ષસ્થાને સ્ટાફ ધ્વારા વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે અધિકારી, કર્મચારીઓ ધ્વારા શાલ, ફુલહાર અને મોમેન્ટો અર્પણ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતુ. વિનુભાઈ જોષીની ઓફિસમાં કામ કરવાની આગવી કુનેહ અને મિલનસાર સ્વભાવની પ્રશંસા કરી તેમને બિરદાવ્યા હતા. તિજોરી અધિકારી દેસાઈએ વિનુભાઈ જોષીએ ૩૮ વર્ષની તેમની સરકારી નોકરીમાં જિલ્લા તિજોરી કચેરી, પાલનપુર અને જિલ્લા આયોજન કચેરી, સહાયક નિરીક્ષકની કચેરી પાલનપુર તથા સબ ટ્રેઝરી ઓફિસ થરાદ ખાતે સરસ કામગીરી કરી કર્મચારીઓમાં આદરભર્યુ સ્થાન મેળવ્યું છે. આ પ્રસંગે તિજોરી અધિક્ષક એચ.જે. ઠકાર, એસ.જી.પ્રજાપતિ સહિત ટ્રેઝરી ઓફિસના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.